EDII

Divya Bhaskar

December 25, 2017
Page No.4
of Business Bhaskar

## ઉદ્યોગ સાહસિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆત : યોજનાઓનો લાભ મળવો જરૂરી

# સ્ટેન્ડ-અપ ઈન્ડિયા: અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોના વિકાસનો સુદ્રઢ પ્રયાસ

**સ્ટાર્ટઅપ ટોક**

પ્રકાશ સોલંકી

ગત અંકમાં હાથ ધરેલી ચર્ચા આગળ વધારીએ...... ઉદ્યોગ સાહસિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆત દર્શાવતી હતી કે હજૂપણ આ યોજનાને લોકો સુધી પહોંચાડવામાં વધુ પ્રયત્નોની જરૂર છે. તદ્ઉપરાંત અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયમાં પડતી મૂશ્કેલીઓની પણ રજૂઆત કરી હતી, જેમા:

- અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોનો વ્યવસાયિક જગતામાં સ્વિકૃતિનો અભાવ.
- નાણાકીય સંસ્થાઓ દ્વારા અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકો તરફ ઉદાસીન વલણ.
- યોજનામાં અરજી કરવાની મૂશ્કેલ પ્રક્રિયા.
- કોલેટરલ સિક્યુરિટી માટે પડતી મૂશ્કેલી.
- માર્ગદર્શન, માહિતી અને તાલીમ માટે સચોટ - સિંગલ વિન્ડો સર્વિસિસન જરૂરિયાત.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે રજૂઆત કરવામાં આવી. સહાયક સંસ્થાઓ દ્વારા પણ તેના હકારાત્મક ઉકેલના પ્રયાસની ખાતરી આપવામાં આવી. આ સાથે જ ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયમાં સફળ થવાનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. હાલના સમયમાં વ્યવસાયમાં સફળ થવા માટે જાતિગત સમીકરણો કરતાં પણ પ્રોડક્ટ ક્વોલિટી અને પ્રાઈઝના ત્રિકોણીય પરિમાણનું વધુ મહત્વ છે. તે સમજાવવામાં આવ્યું. ચોક્કસ વર્ગને સામાજીક-આર્થિક સક્ષમતા માટે યોગ્ય/અનુકૂળ વાતાવરણ સર્જવું તે જવાબદારી ચોક્કસપણે સરકાર અને સમાજની છે. પરંતુ કોઈપણ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિને વ્યવસાયિક દ્રષ્ટિકોણ અને પ્રમાણિકતાથી સફળ કરવી તે જવાબદારી ઉદ્યોગ સાહસિકની છે. હકારાત્મક વ્યવસાયિક વાતાવરણ હોવા છતાં વ્યવાસિયક સફળતા ન મળવી કે મોડી મળવા પાછળ વ્યક્તિગત રીતે વ્યવસાયની સમજ, વ્યૂહરચના, અમલીકરણ અને અભિગમ જેવા કારણો વધુ જવાબદાર હોય છે. દરેક યોજનાનો હેતુ ચોક્કસવર્ગ, વ્યવસાય કે પ્રદેશને વધુ ઉંચાઈએ લઈ જવો અને તેનો વિકાસ કરવાનો જ હોય છે. પરંતુ તેની સાથે લાભાર્થી પોતાને તે યોજનાને અનુકૂળ બનાવે તે ખુબજ જરૂરી છે.

સ્ટેન્ડ-અપ ઈન્ડિયા સિવાય પણ અનેક યોજનાઓ જેમકે- PMEGP વગેરેમાં અનુસૂચિત જાતિના ઉદ્યોગ સાહસિકોને વિશેષ લાભ આપવામાં આવેલ છે. પરંતુ વ્યવસાયનું વિઝન અને માનસિકતા ઘડવી ઉદ્યોગ સાહસિકતાની પોતાની આવડત છે. આ માટે તાલીમ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતું પ્રશિક્ષણ ચોક્કસ તેમાં મદદરૂપ થાય છે.

(લેખક: ઈડીઆઈઆઈના ફેકલ્ટી છે) psolanki@ediindia.org

## સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજના અંગેની માર્ગદર્શિકા

स्टैंड अप इंडिया
करें प्रयास पाएं विकास

ઉદ્દેશ્ય: એસસી અથવા એસટી ઉદ્યોગ સાહસિક અથવા મહિલા ઉદ્યોગ સાહસિકને રૂ. 10 લાખથી રૂ. 1 કરોડ સુધીની લોન વ્યવસાય કરવા માટે પૂરી પાડવી. આ વ્યવસાય ઉત્પાદન, સેવા કે વેપાર કોઈપણ પ્રકારનો હોઈ શકે.

ભાગીદારી પ્રકારના વ્યવસાયમાં ઓછામાં ઓછો 51 ટકા હિસ્સો એસસી, એસટી અથવા મહિલા ઉદ્યોગ સાહસિકનો હોવો જોઈએ.

સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજનામાં એસસી, એસટી અથવા મહિલા ઉદ્યોગ સાહસિકને વ્યવસાય શરૂ કરવામાં, લોન મેળવવામાં તેમજ વ્યવસાયને સફળતાપૂર્વક ચલાવવામાં પડતી મૂશ્કેલીઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે. આથી આ યોજના આવા ઉદ્યોગ સાહસિકો માટેની એક ઈકોસિસ્ટમ ઉભી કરે છે.

આ યોજના અંતર્ગત લાભ લેવા કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કને અધિકૃત કરવામાં આવેલ છે. જે માટે લાભાર્થી નીચેમાંથી કોઈપણને સંપર્ક કરી શકે છે.

- કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કની બ્રાન્ચ
- SIDBIના સ્ટેન્ડ-અપ ઈન્ડિયા પોર્ટલ www.standupmitra.in
- લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર

યોજના અંતર્ગત અરજી કરવા માટે ઓનલાઈન પોર્ટલ બનાવવામાં આવેલ છે - www.standupmitra.in. પોર્ટલ પર સામાન્ય માહિતી પૂરી પાડી તુરંત અથવા તો પછીથી નોંધણી કરી શકાય છે. આ પોર્ટલનો ઉપયોગ ઘરેથી, કોમન સર્વિસ સેન્ટર પરથી, બેન્ક પરથી અથવા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરને ત્યાંથી કરી શકાય છે.

પોર્ટલ ઉપર શરૂઆતમાં નીચેની માહિતી પૂછવામાં આવે છે. જે નોંધણી માટે તૈયાર રાખો:

- અરજદારનું સ્થળ
- અરજદારની કેટેગરી - એસસી, એસટી, મહિલા
- વ્યવસાયનો પ્રકાર
- વ્યવસાય માટે સ્થળની પ્રાપ્યતા
- પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવા જોઈતી મદદ
- કૌશલ્ય વિકાસ તાલીમની જરૂર છે નહીં તે
- વર્તમાન બેન્ક ખાતાની વિગત
- પ્રોજેક્ટમાં સ્વ-રોકાણની રકમ
- માર્જીન મનીની વ્યવસ્થા કરવા શું મદદની જરૂર છે?
- અગાઉ વ્યવસાયનો કોઈ અનુભવ છે?

ઉપરની માહિતીને આધારે પોર્ટલ અરજદારને ફીડબેક આપે છે અને અરજદારન કેટેગરી નક્કી કરે છે. જેમાં બે કેટેગરી (1) રેડી બોરોઅર (ધિરાણ માટે તૈયાર) અને (2) ટ્રેઈની બોરોઅર (તાલીમી ધિરાણ લેનાર).

(1) રેડી બોરોઅર (ધિરાણ માટે તૈયાર) - જે અરજદારને કોઈપણ પ્રકારના હેન્ડહોલ્ડિંગ સપોર્ટ એટલે કે મદદની જરૂર નથી તેને રેડી બોરોઅર કેટેગરીમાં ગણવામાં આવે છે. આ પ્રકારના અરજદાર સીધા જ પોર્ટલ ઉપર અરજી કરી શકે છે.

(2) ટ્રેઈની બોરોઅર (તાલીમી ધિરાણ લેનાર) - આ પ્રકારના અરજદારને પોર્ટલ સંબંધિત જિલ્લાના એલડીએમ અને સંબંધિત સીડબી અથવા નાબાર્ડના ઓફિસરના સંપર્કમાં મૂકે છે. આ પ્રક્રિયા પોર્ટલ ઉપર ઘરેથી અથવા તો બેન્કમાં જઈ કોમન ફેસિલિટિ સેન્ટર ઉપરથી કરી શકાય છે. માહિતીના આધારે સીડબી (79 ઓફિસો) અને નાબાર્ડ (503 ઓફિસો) સ્ટેન્ડ-અપ ઈન્ડિયા કનેક્ટ સેન્ટર તરીકે તાલીમી ધિરાણ લેનારને જરૂરી મદદ પૂરી પાડે છે, જેમાં નીચે મૂજબ અલગ-અલગ મદદ માટે વિવિધ સંસ્થાઓ સેવા આપે છે.

- નાણાકીય તાલીમ માટે - ફાયનાન્સિયલ લિટ્રેસી સેન્ટર્સ
- કૌશલ્ય વિકાસ માટે - સ્કિલિંગ સેન્ટર્સ અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર્સ
- ઈડીપી માટે - MSME ડીઆઈએસ, ડીઆઈસીએસ, આએસઈટીઆઈએસ
- વર્કશેડ માટે - ડીઆઈસીએસ
- માર્જીન મની માટે - એસસી ફાયનાન્સ કોર્પોરેશન, વુમન ડેવલપમેન્ટ કોર્પોરેશન, કેવીઆઈબી અને એમએસએમઈ ડીઆઈએસ.
- અન્ય જરૂરિયાતો માટે - સંબંધિત કચેરીઓ (જેમ કે વિજળી, પાણી, ગટર વગેરે).
- ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ માટે - સીડબી, નાબાર્ડ, ડીઆઈસીએસ